# ડો. બાબા સાહેબ આંબેડકર અમર રહો.

| શિક્ષિત બનો | સંગઠિત બનો | સંઘર્ષ કરો. |
|---|---|---|

સવંત ૨૦૭૨ના જેઠ-સુદ-૫(પાંચમ) ને તા. ૦૯-૦૬-૨૦૧૬ને ગુરૂવારના રોજ ગામ-મેલજ, તા. વિરમગામ મુકામે શ્રી ચામુંડા માતાજીની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા નિમિતે ચુંવાળ પરગણાંમાં રોહિત સમાજના જ્ઞાતિ બંધુઓ મળેલ અને મેલજ ગામના વસ્તી પંચે નાતગંગાને વસ્તી પંચમાં પધારવા આમંત્રણ આપીને પધરામણી કરી હતી.

જેમાં મોજે ગામ-ચુનીનાપુરા, વસ્તી પંચની લેખિત અરજી ચુંવાળ પરગણાંમાં સામેલ થવાની આવેલ. જે અંગે નાતગંગા એ સર્વાનુમતે ચુનીનાપુરા ગામને ચુંવાળ પરગણાંમાં સમાવવા માટે મંજુરી આપેલ. જેથી હવે ચુંવાળ પરગણાંના ૬૦ (સાઇઠ) ને બદલે ૬૧ (એકસઠ) ગામો રહેશે. ચુનીનાપુરાને મેલજ ગોળમાં સમાવવામાં આવેલ છે.

તા. ૦૯-૦૬-૨૦૧૬ને ગુરૂવારના રોજ પરગણાંએ સર્વાનુમતે આપેલ સત્તાની રૂએ ૬૧ (એકસઠ) ગામની મળેલ બંધારણ કમિટિએ નવું બંધારણ બાંધવામાં આવેલ.

ત્યારબાદ ફરી તા. ૧૪-૦૨-૨૦૧૭ને મંગળવારના રોજ બે બોલમાં જણાવ્યા મુજબ બીજા સુધારા વધારા તેમજ ગામ, પ્રતિનિધિની સંખ્યાઓમાં પણ વસ્તીદીઠ(ઘર) પ્રમાણે ગામ પ્રતિનિધિઓની સંખ્યામાં સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ છે.

## ઠરાવો

### ઠરાવ નં.- ૧: દિકરા - દિકરીને જોવા બાબત / (સગપણ બાબત)

(૧) જ્યારે દિકરા - દિકરી એકબીજાને જોઇને પસંદ કર્યા પછી દિકરા-દિકરીના મા-બાપે એકબીજાના ઘરે બન્ને પક્ષને અનુકુળતા મુજબ જોવા જવુ અને જમવા રોકાવવુ નહી, તેમજ છોકરા-છોકરીને પસંદ પડે તો જ અનુકુળતા મુજબ છોકરા-છોકરી પૂરતો જ વહેવાર કરવાનો રહેશે.

(૨) દિકરા-દિકરી પસંદ થયા પછી સગપણ નક્કી કરતી વખતે મૂરતિયા પક્ષના માણસોએ બન્ને પક્ષને અનુકુળતા મુજબ માણસો લઇને જવું.

(૩) સગપણ વખતે મૂરતિયા પક્ષે કન્યા પક્ષને સગાઇનો ચલણી રૂપિયો એક (૧) તેમજ ઓઢણી તથા ગુલાબ, ગોળ, નાળીયરની કાસલી વિગેરેના મળી કુલ રૂા. ૧૫૧ (એકસો એકાવન) આપવાનાં રહેશે.

નોંધ :- રીંગશેરમની કરી શકાશે, પણ ફરજીયાત નથી. તેમજ ભેટ સોંગાદ પણ આપવી ફરજીયાત નથી.

(૪) સગાઇના ગ્રાહ બાબત :-

સગપણ થઇ ગયા પછી કન્યા પક્ષે સગપણ કરવા આવનાર દરેક સગાઓને રૂા. ૨૫ (પચ્ચીસ) લેખે પહેરામણી કરવાની રહેશે.

(૫) જમણ બાબત :-

સગપણ કરવા મહેમાનોએ સવારે જવું અને કન્યા પક્ષે બપોરે એક ટંક ભોજન આપવું. ભોજનમાં કંસાર, ખીચડી અને શાક તથા અનુકુળ ભોજન આપવું. સગપણ કરવા આવનાર મહેમાનોએ રાત રોકાવાનું નથી.

ઉપરોક્ત ઠરાવ નં ૨ની પેટા કલમ (૧),(૨) અને (૩),(૪) નો ભંગ કરનારને રૂા. ૧૦૧/- (એકસો એક) દંડ પેટે જે તે ગોળને આપવાનાં રહેશે.

## ઠરાવ નં- ૨ : ઘર જોવા બાબત

(૧) સગાઇ થઇ ગયા પછી લગ્નનું મુહૂર્ત નક્કી કરવા કન્યા પક્ષના માણસોએ, બન્ને પક્ષની અનુકુળતા મુજબ મુરતિયા પક્ષના ઘરે જવું.

(૨) જમણ બાબત :-

જમણમાં કંસાર, ખીચડી અને શાક તથા અનુકુળ ભોજન એક ટંક આપવાનું રહેશે.

(૩) કન્યા પક્ષ તરફથી મુરતિયા પક્ષને રૂા. ૧૫૧ (એકસો એકાવન રૂપિયા) આપવાના રહેશે તે સિવાય કપડા કે ભેટ-સોગદનો કોઇપણ વ્યવહાર કરવો નહિ.

(૪) ચાંલ્લાના રૂપિયા બાબત :-

કન્યા પક્ષે ચાંલ્લાનો ચલણી સિક્કો, રૂા. ૧ (એક) મૂરતિયા પક્ષને સમયસર મોકલવો તે સિવાય કોઇ લેવડ દેવડ કરવી નહિ.

(૫) સગપણ તોડવા બાબત :-

સંજોગોવસાત વર પક્ષ અથવા કન્યા પક્ષ તરફથી સગપણ તોડવામાં આવે તો સગપણ તોડનાર પક્ષ તરફથી રૂા. ૧૦૦૧ (એક હજાર એક) સામેના પક્ષને આપવાના રહેશે. તેની તમામ જવાબદારી જે-તે ગામની વસ્તીપંચ અને ગ્રામ પ્રતિનિધિની રહેશે.

ઠરાવ નં. -૨ અને તેની પેટા કલમ (૧), (૨), (૩) અને (૪), (૫) જે કોઇ ભંગ કરશે તો રૂા. ૧૦૧ (એકસો એક) દંડ જે - તે ગોળને આપવાનો રહેશે.

## ઠરાવ નં. ૩ : લગ્ન - વિવાહ બાબત

(૧) લગ્નની તારીખ નક્કી થયેથી લગ્નના દિવસે વર પક્ષે કન્યા પક્ષને ત્યાં સમયસર જાન લઇને જવું જાનમાં વર પક્ષ તરફથી વરરાજા સહિત કુલ ૧૦૧ (એકસો એક) સુધીની સંખ્યામાં જાનૈયા જાનડીયો લઇને જવું,જાનને રાત રોકવાની નથી તેમજ સગા સબંધીને ત્યાં પણ જાનને રાત રોકવી નહિ. નિયમ ઉપરાંત જાનૈયા વધારે જશે તો વરપક્ષે રૂા. ૨૫૧ (બસો એકાવન) દંડ આપવાનો રહેશે.

(૨) લગ્નના દિવસે અનિવાર્ય સંજોગોવસાત વરપક્ષ તરફથી કન્યા પક્ષને ત્યાં જાન સમયસર ન લઇ જઇ શકો તો...

(૩) અનિવાર્ય સંજોગોવસાત લગ્નના દિવસે કન્યા પક્ષ તરફથી વરપક્ષને જાન લઇને આવવા માટે ના પાડવામાં આવે તો... ઉપરની પેટા કલમ-(૨) અને (૩) ના ભંગ માટે બંન્ને ગામની વસ્તી પંચે નક્કી કર્યા મુજબનો ખર્ચ જે-તે પક્ષને આપવાનો રહેશે.

-: નોંધ :-

ચુંવાળ પરગણામા નીતિ-નિયમ મુજબ આ ઠરાવનો ચૂસ્ત અમલ કરવાનો રહેશે. તેમજ બીજા પરગણાંમાં જાન લઇને જઇએ અથવા સામેના પરગણાની જાન આવે તો ઉપર મુજબના ઠરાવ મુજબ જ વરતવાનું રહેશે. ઉપરના ઠરાવની તમામ જવાબદારી જે-તે ગામના પ્રતિનિધિ સભ્યો તેમજ ગામના વસ્તી પંચ તેમજ તેના કુટુંબની સંપૂર્ણ જવાબદારી રહેશે. આ ઠરાવનો ભંગ કરનારને રૂા. ૫૫૫૫(પાંચ હજાર પાંચસો પંચાવન) નો દંડ જે-તે ગોળને આપવાનો રહેશે.

## ઠરાવ નં. ૪ : લગ્નના જમણ અંગે

જાનના જમણમાં પ્રસંગને અનુરૂપ, અનુકુળ મિષ્ટાન સાથે ભોજન આપવાનું રહેશે.

## ઠરાવ નં. ૫ : લગ્નના દાપા બાબત

(૧) લગ્ન સાથે આણા સહિત દાપાના રૂા. ૫૪૬૧(અંકે રૂપિયા પાંચ હજાર ચારસો એકસઠ) નક્કી કરવામાં આવેલ છે. તેમજ આ દાપુ આણા સાથે ગણવામાં આવશે પાછળથી આણું તેડવા જવાની પ્રથા બંધ કરવામાં આવે છે. તેમજ આણાની બેગ લગ્ન સાથે આપવાની રહેશે.

(૨) લગ્નમાં ગામોટને બંન્ને પક્ષ તરફથી કન્યા પક્ષના ગામોટને રૂા. ૨૫૧ + રૂા. ૨૫૧ (અંકે રૂપિયા બસો એકાવન) આપવાના રહેશે. બંન્ને પક્ષના કુલ મળીને કુલ રૂા. ૫૦૨ (અંકે રૂપિયા પાંચસો બે) આપવાના રહેશે. જેમાં હસ્ત મેળાપ, ચોરી-ભોમ-દાન વિગેરેનો સમાવેશ કરવામાં આવે છે. આ કલમનો ભંગ કરનારને રૂા. ૫૦૧ (અંકે રૂપિયા પાંચસો એક) દંડ પેટે વસ્તીપંચને આપવાનો રહેશે.

(૩) માંડવાના તોરણે બ્રાહ્મણને રૂા. ૧૦૧ (અંકે રૂપિયા એકસો એક) આપવાના રહેશે. વરપક્ષ તરફથી આ વ્યવહાર કરવો.

(૪) કન્યા પક્ષ તરફથી ગામોટને રૂા. ૧૫૧ (અંકે રૂપિયા એકસો એકાવન) આપવાના રહેશે. જેમાં ગણેશ પૂજન, ચોરી ટાઢી કરવી, હાથ ઓઢામણી, ચાંલ્લા કરવા વિગેરેનો સમાવેશ કરવાનો રહેશે.

(૫) વર પક્ષ તરફથી ભાણું (દાપુ) ભરતી વખતે નીચે મુજબનો વ્યવહાર કરવાનો રહેશે.

(૧) રૂા. ૧૦૧/- પંચના

(૨) રૂા. ૧૦૧/- ઢોલીના

(૩) રૂા. ૫૧/- ગુરૂ ગાદીના

(૪) રૂા. ૫૧/- બ્રાહ્મણને

(૫) રૂા. ૨૦૨/- બંન્ને પક્ષ તરફથી રૂા. ૧૦૧ + રૂા. ૧૦૧/- મળીને મેરામણીના આપવાના રહેશે.

(૬) રૂા. ૧૦૨/- બંન્ને પક્ષ તરફથી રૂા. ૫૧/- + રૂા. ૫૧/- મલીને સંત રોહિદાસ મંદિર ગાંધીનગરમાં આપવાના રહેશે.

કુલ રૂા. ૬૦૮/- (અંકે રૂપિયા છસ્સો આઠ પુરા)નો વહેવાર કરવાનો રહેશે.

(૭) વરપક્ષ તરફથી ચા, ઘરફેરી, સગાવ્હાલા ને કંઇ પણ આપવાનું રહેતુ નથી. સગાવ્હાલાનો કોઇપણ વ્યવહાર કરવો નહિ.

## ઠરાવ નં. ૬ : લગ્નના ગ્રાહ બાબત

:- કન્યા પક્ષે વરપક્ષને લગ્ન વખતે નીચે જણાવ્યા પ્રમાણેનો ગ્રાહ આપવાને રહેશે. :-

(૧) તાંબાનું બેડું

(૨) બાજોઠ

(૩) રામદિવો(દિવાઘર)

(૪) રૂા. ૫૦(પચાસ) વેવાઇને પાઘડીના આપવાના રહેશે.

ઝાંપે કોઇપણ જાતનો વ્યવહાર કરવો નહિ તેમજ ઝાંપે વરને ચાંલ્લો કરવો.

ઉપરોક્ત કલમને ભંગ કરનારે રૂા. ૫૧(અંકે રૂપિયા એકાવન) દંડ વસ્તીપંચને આપવાનો રહેશે.

## ઠરાવ નં. ૭ : અણવર બાબત

(૧) જાન સાથે આવનાર અણવરને વરપક્ષ તરફથી પહેરામણી પેટે રૂા. ૧૦૧ (અંકે રૂપિયા એકસો એક) આપવાના રહેશે.

(૨) જમ્યા પછી અણવરે રૂા. ૨૫ (અંકે રૂપિયા પચ્ચીસ) વરપક્ષને આપવાના રહેશે.

## ઠરાવ નં. ૮ : માંડવો જોવા બાબત

લગ્ન પછી માંડવો જોવા આવવાની પ્રથા સદંતરે બંધ કરવામાં આવે છે. જેથી હવે કોઇએ વેવાઇને માંડવો જોવા માટે બોલાવવા નહિ. માંડવો જોવા બોલાવશે તો નાતનો ગુનેગાર ગણાશે.

## ઠરાવ નં. ૯ : લગ્ન અને તહેવાર બાબત

(૧) દિકરા-દિકરીનું સગપણ હોળી- ધૂળેટી પહેલા થયુ હોય તો જે જુની પ્રથા હાયડાની હતી તે પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે. તેમાં કોઇપણ જાતની મીઠાઇ, મોબાઇલ કે અન્ય વસ્તુ જેવી કે ડ્રેસ તથા સોના-ચાંદીના દાગીના કે મૂર્તિ આપવી નહિ. આ કલમનો ભંગ કરશે તો તે નાતનો ગુનેગાર ગણાશે.

(૨) આપણા પરગણાંના વર તથા કન્યા પક્ષ વચ્ચેના મનદુઃખ કે ઝગડાઓ થાય ત્યારે સીધો કોર્ટ કે કચેરીનો આશરો લેતા પહેલા બંન્ને પક્ષોએ ગામ પ્રતિનિધિ, વસ્તીપંચ, સબંધિત ગોળ અને ન્યાયિક સમિતિને લેખિત રજુઆત કરવી અને ન્યાયિક સમિતિની સલાહ મુજબ વર્તવાનું રહેશે.

(૩) ઉપરની કલમ નં. (૧) તથા (૨) નો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે. આ કલમનો ભંગ કરનારને રૂા. ૫૧૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર એકસો પુરા) દંડ નાત ને આપવાનો રહેશે. ઉપરાંત ન્યાયિક સમિતિને જવા આવવાનો ખર્ચ આપવાનો રહેશે. સમાધાન થાય તો તેની જાણ ન્યાયિક સમિતિને કરવી.

## ઠરાવ નં. ૧૦ : પુનઃલગ્ન (સાજનાનું આણુ) બાબત

પુનઃલગ્ન(સાજનાનું આણુ)માં ન છોરવી અને ન છોરૂની માં એમ બે પ્રકારના પુનઃલગ્ન થાય છે. તેમાં ન છોરવી કન્યા અને છોરૂની માં એમ બન્નેના દાપામાં તથા તેના રીત રીવાજ નીચે પ્રમાણે વર્તવાનું નક્કી કરવામાં આવે છે.

(૧) પુનઃલગ્ન (સાજનાનું આણુ) તેડવા માટે વર તથા ૧૫ (પંદર) માણસો એ જવાનું રહેશે.

(૨) નછોરવી કન્યાનું દાપુ : રૂા. ૩૪૬૧ (અંકે રૂપિયા ત્રણ હજાર ચારસો એકસઠ) લેવાનું ઠરાવવામાં આવે છે.

(૩) છોરૂની માં નુ દાપુ : રૂા. ૨૪૬૧ (અંકે રૂપિયા બે હજાર ચારસો એકસઠ) લેવાનું ઠરાવવામાં આવે છે.

(૪) પુનઃલગ્ન (સાજનાનું આણું) ના ગ્રાહ બાબત વેવાઇને રૂા. ૨૫ (પંચ્ચીસ) તથા જમાઇને રૂા. ૫૧ (એકાવન) પહેરામણી પેટે કન્યા પક્ષે આપવાના રહેશે. બીજું કાંઇ વધારે આપવાનું રહેતુ નથી.

(૫) પુનઃલગ્ન(સાજનાનું આણું) ના વ્યવહાર બાબત તેડવા જનાર વરપક્ષ તરફથી ગામોટને રૂા. ૨૫ (પંચ્ચીસ) તેમજ પંચના રૂા. ૨૫ (પંચ્ચીસ) આપવાના રહેશે. કન્યા પક્ષને કંઇ આપવાનું રહેતુ નથી.

(૬) જમણ :- અનુકુળ મિષ્ટાન સાથેનું ભોજન એક ટાઇમ આપવાનું રહેશે.

(૭) વળતું આણું તેડવા બાબત :- કન્યા પક્ષે કન્યાને તેડવા માટે બે માણસોએ જવું અને કન્યા પક્ષ તરફતી રૂા. ૨૫ (પચ્ચીસ) વર પક્ષને આપવાના રહેશે.

## ઠરાવ નં. ૧૧ : સીમંત પ્રસંગ બાબત

(૧) દિકરીના સીમંત પ્રસંગે મામેરા વખતે મામેરૂ લઇ જનાર કન્યા પક્ષના પિયરીયા તથા સગા-વ્હાલા તથા સ્નેહીઓ જઇ શકશે. સવારે જઇને સાંજે પરત આવવાનું રહેશે અને બપોરે એક ટાઇમનું મીષ્ટાન સાથેનું અનુકુળ જમણ આપવાનું રહેશે.

(૨) સીમંત માં આવેલા મામેરીયાઓને કોઇપણ પ્રકારનું વળતર આપવાનું નથી.

(૩) કન્યા પક્ષ તરફથી સાસુ સાડલો અને વેવાઇને પાઘડી પેટે રૂા. ૫૦ (પચાસ) આપવાના રહેશે. આ સિવાય અન્ય કોઇને કોઇપણ જાતની પહેરામણી કરવી નહિ.

(૪) સીમંત બાબતના દરેક ઠરાવનો ભંગ કરનારને રૂા. ૧૫૧ (અંકે રૂપિયા એકસો એકાવન) દંડ ગોળને આપવાનો રહેશે.

## ઠરાવ નં. ૧૨ : મા-બાપ ના કારજ બાબત

(૧) મા-બાપની લૌકિક ક્રિયા પાછળ જો કાણ સાચવવી હોય તો શીરો અને મગ આપવાના રહેશે.

(૨) વયોવૃધ્ધ મા-બાપ મૃત્યુ પામે તથા જુવાન મરણ કે કોઇ આકસ્મિક મૃત્યુ થાય તો પાંચ દિવસમાં ગમે તે એક દિવસે તમામ સગા સ્નેહીઓને લૌકિક ક્રિયા માટે અગાઉ જાણ કરી દેવી અને તમામ સગા-સ્નેહીઓએ નક્કી કરેલા એક દિવસે જ લૌકિક ક્રિયા માટે આવવું.

(૩) લૌકિક ક્રિયામાં રવિવાર, મંગળવાર કે બુધવાર નો કોઇપણ બાધ રાખ્યા સિવાય લૌકિક ક્રિયા કરી શકાશે.

(૪) મરણ ક્રિયા (શોક વિધિ) પાંચ દિવસમાં પુરી કરી દેવી. તેમજ તે દિવસે શોકનો વ્યવહાર કરવો તથા અનુકુળ હોય તો ભજન રાખવા.

(૫) શોકના વ્યવહારમાં દિકરીઓની શોકના રૂા. ૫૦ (પચાસ) આપવાના રહેશે.

(૬) વયોવૃધ્ધ મા-બાપ મૃત્યુ પામે તો તેની પાછળ કારજ થતુ હોય તો પિયરીયાઓએ બહેન દિકરીને ત્યાં ઘી નો વ્યવહાર તેમની સંપત પ્રમાણે કરવો.

## ઠરાવ નં ૧૩ : ફારગતી (છૂટા છેડા) બાબત

(૧) કન્યાને મૂરતીયો પસંદ ન હોય અને કન્યા રહેવા ઇચ્છતી ના હોય પરંતુ આ કારણમાં ગામની કમિટી, ગોળ અને સમાજના ન્યાયિક માણસોએ તપાસ કરતા કન્યા પક્ષની વાત યોગ્ય ગણાતી હોય જેવી કે મૂરતીયો ગુનાહિત કુત્યોમાં સંડાવાયેલો હોય, બાઇનું ભરણ પોષણ કરી શકતો ના હોય દારૂડીયો હોય અને પરસ્ત્રી ગમન કરનારો સાબિત થાય તો કન્યાને કોરા કાગળે છુટી કરવાની રહેશે. આ બાઇને પ્રજા(બાળક) થયેલ હોય તો તેના ઉપરોક્ત કારણ વજુદ વાળા દેખાતા હોય તો તેના સીમંતના કરીયાવરનો તમામ ગવારો કન્યાપક્ષને પાછો સોપવો તમામ દરદાગીના વિંટી કે જે તે કન્યાપક્ષ તરફથી મળેલ હશે તે તમામ પાછું આપવાનું રહેશે અને આ જવાબદારી જે તે ગામના વસ્તીપંચની રહેશે.

(૨) મૂરતીયો સીધો સાદો હોય અને કન્યાનું ભરણ પોષણ કરી શકતો હોય તેમ છતાં પણ જો કન્યા તેને રહેવાની ના પાડતી હોય તો કન્યાપક્ષ તરફથી રૂા. ૫૦૦૦ (અંકે રૂપિયા પાંચ હજાર) લઇ મૂરતીયા

પક્ષને આપવાનાં રહેશે અને સીમંત થયેલ હોય તો તમામ દરદાગીના વરપક્ષ પાસે રહેશે. પરંતુ મૂરતીયો જો પુરુષમાં ન હોય તો તેની ખાત્રી થયેથી રૂા. ૫૦૦૦ (અંકે રૂપિયા પાંચ હજાર) કન્યા પક્ષને મૂરતીયા પક્ષે આપી છુટી કરવાની રહેશે.

(૩) નાત તરફથી નક્કી થયેલ કમિટી તપાસ કરી જે કોઇ વ્યક્તિ છોકરી અથવા છોકરા પક્ષના જવાબદાર (કસૂરવાર) સાબિત થશે તો નિષ્પક્ષ રીતે તપાસને અંતે ઓછામાં ઓછા રૂા. ૨૫૦૦૦ અને વધુમા વધુ રૂા. ૬૧૦૦૦ સુધી કલમ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કમિટી નિર્ણય કરશે. આ નિર્ણય બન્ને પક્ષને સામાજિક રીતે બંધનકર્તા રહેશે. આ દંડની રકમ કેસ સાબિત થયેથી વધુમાં વધુ ૧૦ દિવસની અંદર ભરપાઇ કરવાની રહેશે.

(૪) કન્યા રહેવા માંગતી હોય તેમ છતાં મૂરતીયો કન્યાને ના રાખતો હોય તો મૂરતીયા પક્ષે કન્યા પક્ષને સીમંત કરેલ હોય તો તેના તમામ દર દાગીના ઉપરાંત રૂા. ૧૦૦૦૦ (અંકે રૂપિયા દસ હજાર) કન્યા પક્ષને આપવાનાં રહેશે.

(૫) છૂટા-છેડા વાળા મૂરતીયાને ચુંવાળ પરગણા માંથી કુંવારી કન્યા પરણવાની છૂટ આપવામાં આવે છે.

(૬) કોઇપણ કન્યાને સીમંત સાચવ્યા પછી તેની આકસ્મિત રીતે અથવા કુદરતી રીતે બાળક સાથે ગુજરી જાય અથવા જે તે બાળકનો જન્મ આપ્યા પછી ગુજરી જાય તો તેની સીમંત વખતે મળેલ દર દાગીના ગવારો વિગેરેનો હકદાર (સાસેરીપક્ષ) મૂરતીયા પક્ષનો રહેશે. જો આ કિસ્સામાં કન્યાનું શંકાસ્પદ મૃત્યુ થયુ હોય તેવુ જણાય તેવા કિસ્સા માં દર દાગીનાનો ગવારો કન્યા પક્ષના મા-બાપ કે વાલી પાસે રહેશે.

(૭) આપણાં પરગણાની દિકરી બીજા પરગણાના દિકરાને ન રહેતી હોય તો જે તે પરગણાનાં ઠરાવ મુજબ વર્તવાનું રહેશે.

(૮) આપણાં પરગણાનો મૂરતીયો બીજા પરગણાની કન્યાને ન રાખતો હોય તો જે તે પરગણાના ધારા-ધોરણ પ્રમાણે વર્તવાનું રહેશે.

(૯) બીજા પરગણાનો મૂરતીયો આપણી કન્યાને ના રાખતો હોય તો ચુંવાળ પરગણાંના ઠરાવ પ્રમાણે વર્તવાનું રહેશે.

(૧૦) જો સામા પરગણા વાળા ઠરાવ પ્રમાણે વર્તવાનું ના પાડે તો આપણા ચુંવાળ પરગણાંની રચાયેલ ન્યાયિક સમિતિના માર્ગદર્શન મુજબનો અમલ કરવાનો રહેશે.

(૧૧) આપણા પરગણાંની કન્યા બીજા પરગણાંમાં આપવામાં આવે તો ચુંવાળ પરગણાંનું દાપુ લેવું બીજા પરગણાનું દાપુ લેવામાં આવશે તો તે નાત નો મોટો ગુનેગાર ગણાશે. " કન્યા ત્યાંનુ દાપુ" નો વ્યવહાર હંમેશા કરવાનો રહેશે. ઉપર મુજબના ઠરાવોનો જો ભંગ કરશે તો રૂા. ૫૦૧ (પાંચસો એક) દંડ ગોળને આપવાનો રહેશે.

# ઠરાવ નં. ૧૪ : નાત (પરગણું) બોલાવવા તથા બંધારણ ઘડવા બાબત

(૧) છેલ્લે જે ગામે નવું બંધારણ બાંધેલ હોય તેના પાંચ વર્ષ પછી કોઇ ગામને પરગણું (નાત) ભેગી કરવી હોય તો કરી શકશે. પોતાના ગામને પુછીને મૂહુર્ત જોવડાવી (કંકોતરુ) કાઢી શકશે. તેમાં કોઇપણ કોઇ જાતનો વાંધો ચાલશે નહિ. નોતરૂ ગામ પ્રતિનિધિ સભ્યોના નામે સમસ્ત વસ્તીપંચ સાથે આપવાનું રહેશે. નાતનું નોતરૂ જે કારણસર જે ગામે કાઢ્યુ હશે તે કારણ સિવાયના કોઇપણ કામની કાર્યવાહી થઇ શકશે નહિ. ફક્ત તે અંગેની કાર્યવાહી કરવામાં આવશે. દા.ત. મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા નામે પ્રસાદ લેવા કે અન્ય ધાર્મિક કામના હેતુથી બોલાવીને પછીથી બંધારણ બાંધવા માટે રજુઆત કરવામાં આવશે તો માન્ય રાખવામાં આવશે નહિ. સિવાય કે બન્ને રજુઆતો નોતરાના આમંત્રણ માં બતાવેલ હોય તો નાતનું બંધારણ બાંધવાની કાર્યવાહી કરવામાં આવશે. તમામ ગામોએ ઠરાવેલ નોતરા કંકોત્રીના નક્કી કરેલા દિવસે (સમયે) અચૂક આવી જવું હાજર ગામોથી પરગણાંની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. પાછળથી આવનારનો થયેલ કાર્યવાહીમાં કોઇ વાંધો કે વિવાદ ચાલશે નહિ. આમંત્રણ પત્રિકામાં નાતગંગાને તેડાવવા માટે ચોક્કસ સમય દર્શાવવાનો રહેશે.

(૨) કોઇપણ ગામે જે તારીખે બંધારણ બનેલ હોય તે તારીખથી ૫ (પાંચ) વર્ષનો સમયગારો પુરો થાય નહિ ત્યાં સુધી નાત ભેગી કરીને નવું બંધારણ બાંધી શકાશે નહિ.
દા.ત. તા. ૯-૬-૨૦૧૬ ના રોજ મેલજ મુકામે બંધારણ બાંધવામાં આવેલ છે. તેના પાંચ વર્ષ પુરા થયા પછી જ મેલજ ગામ સિવાયનું પરગણાંનું બીજું કોઇ પણ ગામ બંધારણનો પાંચ વર્ષનો સમય પૂરો થયા પછી તેમજ મેલજ ગામ બંધારણ બાંધવાની ઇચ્છા ધરાવતા હોય તો પણ પાંચ વર્ષ પછી નાત બોલાવી શકશે.



સ્નેહ ખૂટે તો કુટુંબ તુટે, પાયો તૂટે તો મકાન તૂટે.

## ઠરાવ નં. ૧૫ :-

**ચુંવાળ પરગણાંના રોહિતભાઈઓના બંધારણની વ્યવસ્થા જાળવવામાટે(૬૧)એકસઠ ગામના ચાર ગોળ(વિભાગ) પાડેલછે. તે ચાલુ રહેશે. તે નીચે પ્રમાણે છે.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વિરમગામ | ૧ | દેત્રોજ | ૧ | મેલજ | ૧ | ઉઘરોજ |
| ૨ | હાંસલપુર | ૨ | દેકાવાડા | ૨ | સરસાવડી | ૨ | સીંણજ |
| ૩ | થોરીમુબારક | ૩ | ગમાનપુરા | ૩ | વિરોચનનગર | ૩ | સીંણજનું પરૂ |
| ૪ | લીયા | ૪ | નદીશાળા | ૪ | છારોડી | ૪ | કાચરોલ |
| ૫ | વાંસવા | ૫ | રૂદાતલ | ૫ | ખુડદ | ૫ | વિંછણ |
| ૬ | ઓગાણ | ૬ | સુંવાળા | ૬ | કરીયાલા | ૬ | વાસણા (કુ) |
| ૭ | ઓડકી | ૭ | અમરપુરા | ૭ | પનાર | ૭ | કુણપુર |
| ૮ | જખવાડા | ૮ | તેલાવી | ૮ | દેવપુરા | ૮ | ઉકરડી |
| ૯ | કરકથલ | ૯ | રાજપુર | ૯ | બોસ્કા | ૯ | ભગાપુરા |
| ૧૦ | ઘાકડી | ૧૦ | ફતેહપુરા | ૧૦ | કોઇન્તીયા | ૧૦ | છનીયાર |
| ૧૧ | કાલીયાણા | ૧૧ | ડાંગરવા | ૧૧ | રામપુરા | ૧૧ | મીઠાપુર |
| ૧૨ | ભાટ-વાસણા | ૧૨ | ભોયણી | ૧૨ | અશોકનગર | ૧૨ | સોલગામ |
| ૧૩ | દલસાણા | ૧૩ | શોભાસણ | ૧૩ | ભાવડા | ૧૩ | રીબડી |
| ૧૪ | એંદલા | ૧૪ | મારૂસણા | ૧૪ | નદીયાણા | ૧૪ | સદાતપુરા |
| ૧૫ | મોટાઉભડા | ૧૫ | જીવાપુરા | ૧૫ | સચાણા | ૧૫ | કાંઝ |
| ★ | ............. | ★ | .......... | ૧૬ | ચુનીનાપુરા | ★ | .............. |

## ઠરાવ નં. ૧૬

(૧) ઉપર પ્રમાણે ચુંવાળ પરગણાં રોહિત જ્ઞાતિના ૬૧ ગામોના ચાર ગોળ (વિભાગ) નક્કી કર્યા છે. જેમાં (૧) વિરમગામ (૨) દેત્રોજ (૩) મેલજ (૪) ઉઘરોજ છે. તે ગામોએ ઉપર પ્રમાણે વહેંચાયેલા પોતાના ગોળના ગામોમાં જો કોઇપણ ગામ પરગણાંનાં બંધારણનો ભંગ કરી ગુન્હો કરે તો તે ગુન્હાને તપાસ કરવાની મુખ્ય ગામ તથા તેના ગામોની જવાબદારી રહેશે. પરગણાંનાં ગામનો ગોળ બોલાવવામાં આવે ત્યારે ગામની કમિટિના સભ્યોએ જવાનું રહેશે. ગુન્હાનો પ્રકાર ધ્યાનમાં લઇ પરગણાંનાં બંધારણની મર્યાદામાં રહી ગુન્હા બદલ યોગ્ય નિકાલ અને સમાધાન કરી શકાશે. ઉપરોક્ત બાબતોમાં ગોળ મળે ત્યારે તેમાં બીજા ગોળના મહેમાન હાજર હોય તો પરગણાંની રૂએ બંધારણની મર્યાદામાં રહી યોગ્ય લાગે તો વાત કરી શકશે. તેમાં કોઇપણ ગામનો માણસ વાત કરતા રોકી શકશે નહિ. આવેલ મહેમાનની વાત યોગ્ય હોય છતાં ખોટી રીતે તેનું અપમાન કરવુ નહિ.

(૨) ગોળમાં ગુન્હો કર્યો હોય ત્યારે ગોળના ગામે જે સ્થળે અને જે દિવસે બોલાવવામાં આવે તેમાં વખતસર ના આવનાર ગામનો રૂા. ૫૦૧ (પાંચસો એક) પુરા દંડ લેવામાં આવશે.

નોંધ :- સંજોગો વસાત કોઇપણ ગામ હાજર રહી શકે તેમ ન હોય તો પણ એકાદ માણસને પોતાના ગામ તરફથી મોકલવાના રહેશે.

(૩) પોતાના ગોળમાં ગુન્હો કરી બીજાના ગોળમાં જવા માટે પ્રયત્ન કરે અને બીજા ગોળના માણસ તેમાં સહકાર આપે તો તેમાં સહકાર આપનાર તથા ગુન્હો કરી બીજા ગોળમાં જનાર પરગણાંનાં સરખી રીતે ગુનેગાર ગણાશે અને બંન્ને એ રૂા. ૫૧- રૂા. ૫૧ (એકાવન) દંડ નાતને આપવાના રહેશે.

(૪) ગોળની જે ઠેકાણે બેઠક મળે ત્યાં નોતરાના દિવસની સાંજ સુધી રાહ જોવાશે તેમાં આવનાર ગામોથી કામકાજ શરૂ થશે અને તેમના કરેલા કામકાજ અને ઠરાવ કાયદેસર ગણાશે. ઠરાવેલ વાર-તિથિ એ નહિ આવનાર ગામનો વિરોધ ચાલી શકશે નહિ.

(૫) બંધારણની કોઇપણ કલમનો ભંગ કરનાર ઇસમ પાસેથી દંડ કરવાનો અધિકાર ગામના પ્રતિનિધિ, વસ્તીપંચ અને ગોળ ને આપવામાં આવે છે. આ ઠરાવ સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

(૬) ચુંવાળ પરગણાંએ પોતાના બંધારણની વ્યવસ્થા જાળવવા માટે જે ચાર ગોળ બનાવ્યા છે તેના ચાર જે મુખ્ય ગામો છે તેણે પોતાની સાથેના ગામો સાથે પોતાની ફરજ અદા કરવા કટીબધ્ધ રહેવાનું અને પરગણાંની મર્યાદા અને મોભો સચવાઇ રહે તેવું વર્તન ગામો રાખે તેવી આશા અપેક્ષા સાથે ઉપરોક્ત ઠરાવ સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

## ઠરાવ નં. ૧૭ : નાના ધારાઓ

(૧) પ્રથમ વખત જમાઇ તથા વેવાઇ નૂતરે આવે ત્યારે જમાઇને રૂા. ૧૦૧ (અંકે રૂપિયા એકસો એક) આપવા અને વેવાઇને રૂા. ૫૧ (અંકે રૂપિયા એકાવન) પાઘડી પેટે આપવાના રહેશે.

(૨) પ્રથમ સુવાવડ વખતે મૂરતીયા પક્ષની વેવાણો કન્યાપક્ષના ઘેર આવે ત્યારે જેટલી વેવાણો આવે તે દરેકને સાડલા આપવાનાં રહેશે.

(૩) આપણી બેન-દિકરીને ત્યાં ભાણેજના લગ્ન પ્રસંગે મામેરૂ લઇને ગયા હોય ત્યારે જે પરગણાંમાં ભાણેજનાં લગ્ન થતાં હોય તે જ પરગણાનું દાપુ સંપત હોય તો મામા એ ભરવાનું રહેશે. (કન્યા ત્યાનું દાપુ)

(૪) પરગણાંનાં ધારા-ધોરણ મુજબ કરેલા ઠરાવ તેમજ કોઇ કલમ કે પેટા કલમમાં કોઇપણ ગામો ગોળ ફેરફાર કરી શકશે નહિ. પરંતુ પરગણાંના બંધારણમાં ઠરાવેલ ગુન્હાની રકમ જે તે ગામનો ગોળ વસુલ કરી શકશે અને આ રકમ એકસઠ ગામની કમીટી ભેગી થાય ત્યારે હિસાબ સાથે જમા કરાવવાની રહેશે.

(૫) સિમાડાના ગોળ બાબત :-

જેની સંપત હોય અને સિમાડો કરવો હોય તેણે સિમાડાના ગામને પૂછવાનું રહેતું નથી અને તેઓની વસ્તી મળીને મૂહુર્ત જોવડાવી કહેણ અથવા નોતરૂ સિમાડાના ગામને મોકલી આપવું. જમણમાં શીરો અને મગ આપવામાં રહેશે.

(૬) સંપત હોય અને બારમું કરવુ હોય તો સિંમાડાના એક-એક માણસને બોલાવીને બારમાનું મૂહુર્ત જોવડાવી નોતરા ફેરવવાના રહેશે. જમણમાં શીરો અને મગ આપવાનાં રહેશે. પરગણાંના એકસઠ ગામે નોતરૂ ફેરવવાનું રહેશે.

(૭) ગરાસ બાબત :-

કોઇનો પણ ગરાસ બગાડવો નહિ જે ગરાસ બગાડશે તે નાતનો ગુનેગાર ગણાશે અને રૂા. ૨૦૧ (બસ્સો એક) દંડને પાત્ર થશે.

(૮) જો પોતાના ગોળના ગામમાં કોઇ ગુન્હો કરે તો તેનો જવાબ લેવા અને ગુન્હો લેવા ગોળના મુખ્ય ગામે જવાનું રહેશે. પરંતુ જો ગોળનું મોટું ગામ ગુન્હો કરે તો તેના બાકીના ગામોએ ગોળના મોટા ગામે જઇને દંડ વસુલ કરવાનો રહેશે તેમજ જે નિયમો નક્કી કરવામાં આવેલ છે તે સિવાય મૌખિક નિયમોનું પાલન કરવામાં આવશે નહિ.

(૯) આપણાં ચુંવાળ પરગણાંના હાલમાં ૬૧ (એકસઠ) ગામો છે. તે ગામો મળી ઠરાવ નં.-૧ થી ૧૭ સુધી તેની પેટા કલમો સહિત સર્વાનુમતે મંજુર કરેલ છે તે માટે આ સાથે આપેલા ગામના ગામ આગેવાનોએ સહિઓ કરેલ છે.

(૧૦) પરગણાંના ૬૧ (એકસઠ) ગામના માણસોની કમિટિ પ્રતિનિધી સમિતિ રચવામાં આવી છે. તેમાંથી ૨૧ માણસોની કોર ૩ (ત્રણ) ગોળમાંથી પાંચ-પાંચ અને ૧ (એક) ગોળમાંથી ૬ (છ) સભ્યો કમિટિમાં લેવા અને જેનું નામ ન્યાયિક સમિતી રાખવામાં આવેલ છે જે સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ છે.

(૧૧) ન્યાયિક સમિતિની સમક્ષ આવતા મૌખિક અને લેખિત પ્રશ્નોની રજુઆત થઇ શકશે આ રજુઆતોનો નિકાલ સમિતિ યોગ્ય રીતે કરશે. જેમાં બન્ને પક્ષકારોએ હાજર રહી પોતપોતાની રજુઆત કરી શકશે. પરંતુ ન્યાયિક સમિતિ બન્ને પક્ષકારોને અનુકુળ વાતાવરણ મુજબ લેખિતમાં હાજર રહેવા સૂચન કરે ત્યારે બન્ને પક્ષકારોએ હાજર રહેવું.

જે ગામે વર્ષ દરમ્યાન નાતના બંધારણની કલમોનો ભંગ કરેલ હોય તેના માટે બંધારણમાં કરેલ જોગવાઇ અનુસાર શિક્ષાત્મક પગલાં લઇ શકશે. જે કોઇ ગોળના ગામોએ શિક્ષાત્મક પગલાં પોતાના ગોળના ગામોમાં થયેલ કલમોના ભંગ અંગે પોતાના ગોળમાં દંડ વસુલ ન કરેલ હોય તો સમિતિ તે ગામનો જવાબ પુછી યોગ્ય નિર્ણય લઇ ધારા મુજબ દંડ લઇ શકશે.

(૧૨) ન્યાયિક સમિતિના દરેક સભ્યોએ ન્યાયિક સમિતિની મિટીંગમાં ફરજીયાત હાજર રહેવું પડશે.

(૧૩) ૬૧ (એકસઠ) ગામની બંધારણ કમિટિની જ્યારે મિટીંગ રાખવામાં આવે તેની જાણ એક અઠવાડીયા પહેલા ૬૧ (એકસઠ) ગામના સભ્યોને કરવાની રહેશે. દરેક સભ્યે ફરજીયાત આવવાનું રહેશે. સતત બે મીટીંગમાં ગેરહાજર રહેનાર ગામ પ્રતિનિધિને કમિટિના સભ્યપદેથી નામ કમી કરવામાં આવશે.

(૧૪) ૨૧ (એકવીસ) સભ્યોની ન્યાયીક કમિટિમાં (૧) પ્રમુખ, (૨) ઉપ પ્રમુખ, (૧) મંત્રી અને (૧) ખજાનચી રહેશે.

(૧૫) વિવાહ સગાનો સિમાડો, બારમુ તથા નાના-મોટા પ્રસંગે કોઇપણ માણસ ઝગડો કરે અથવા કરાવે અને તે સાબિત થાય તો નાતનો ગુનેગાર ગણાશે અને દંડ રૂા. ૫૧ (એકાવન) ગોળને આપવાનો રહેશે.

(૧૬) દારૂ તથા કેફી પીણા બાબત :- કોઇપણ શુભ પ્રસંગે જેવા કે નાત, સગાઇ, સાજનું, શ્રીમંત, સગાવાસ, સિમાડો, બારમું, મામેરૂ અથવા નાના-મોટા, પ્રસંગોમાં દારૂ તથા કેફી પીણા પીએ અથવા પીવડાવે, જુગાર રમે અથવારમાડે તો તે નાતનો ગુનેગાર ગણાશે.

ઉપરના આ ઠરાવનો ભંગ કરનાર અને તેમા મદદ કરનાર કોઇપણ વ્યક્તિ અથવા ગામ નાતનો ગુનેગાર ગણાશે. આ બાબતે ગામની વસ્તીના પંચોએ બરાબર વાત ધ્યાનમાં લેવી અને વસ્તીના પંચે રૂા. ૫૦૧ (પાંચસો એક) ગુના દીઠ લઇ ન્યાયિક સમિતિ પાસે દંડ જમા કરાવવો તથા ગુનેગાર પાસેથી દંડ વસુલ કરવો.

(૧૭) બંધારણના ઠરાવના ભંગની જે કોઇપણ દંડકીય રકમ ઉપલબ્ધ થાય તેમજ કોઇ ફંડ ફાળો આવેલ હોય તે તમામ રકમ ન્યાયિક સમિતિના ખજાનચી પાસે જમા કરાવવાની રહેશે. ન્યાયિક સમિતિએ હોદ્દાની રૂએ પ્રમુખ, મંત્રી અને ખજાનચીના નામે બેંકમાં ખાતુ ખોલવવાનું રહેશે.

(૧૮) સમૂહલગ્ન બાબત આજના આધુનિક યુગમાં શહેર કે ગ્રામ્ય વિસ્તારના જો કોઇ સંસ્થા કે વસ્તી સમુહલગ્નનું આયોજન કરશે તો તેને છુટ આપવામાં આવે છે.

આજ રોજ સવંત ૨૦૭૨ ના જેઠ સુદ પાંચમને ગુરૂવાર તા. ૯-૬-૨૦૧૬ના રોજ ચુંવાળ પરગણાંનાં રોહિતભાઇઓની નાત ગામ : મેલજ, તા. વિરમગામ મુકામે મળી હતી તેમાં પરગણાંનાં કહેવાથી (સંમતિથી) એક બંધારણ સમિતિ નીચે જણાવેલ આગેવાનોની રચના કરવામાં આવેલ છે તે સમિતિએ કરેલા ઠરાવો વંચાણમાં લેતાં ચર્ચા-વિચારણાનાં અંતે સવંત ૨૦૭૨ ના જેઠ સુદ-૫(પાંચમ)ને ગુરૂવાર તા. ૯-૬-૨૦૧૬ના રોજ ડો. બાબા સાહેબની ૧૨૫ની જન્મ જયંતીની ઉજવણી નિમિતે બંધારણ સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ છે. આ સમિતિ ૬૧ (એકસઠ) ગામની સ્થાયી કમિટી તરીકે પોતાની ફરજ બજાવશે.

**(૧૯) તા.ક. નોંધ :- ઠરાવ નં. ૭, ૮, ૧૦ અને ૧૨ નો ભંગ કરનારને રૂા. ૧૦૧(એકસો એક) જે તે ગોળ અથવા ગામને આપવાનો રહેશે. તેમજ બંધારણ કમિટિના દરેક સભ્યોએ તેમજ જે તે ગોળ અને ગામે બંધારણનો ચુસ્તપણે અમલ કરવો અને કરાવવાનો રહેશે.**

॥ જય ભીમ ॥

॥ જય સંત શ્રી રોહિદાસ ॥

